# SHREE VASISHTHA VIDHYALAYA

**Gujarati 2nd Language Worksheet 2025-26**

Name : - ________________________ Std.:- IV - ________

Roll No. :-________ Worksheet No.PA-2 Date : - ________

**પાઠ :- રામ રાખે તેમ રહીએ, પાઠ – ૧૦ આપણું ગામડું, પાઠ- ૧૧- સૂર્યગ્રહણ એક પ્રાકૃતિક ઘટના, સમાનાર્થી, જોડણી, વચન**

**ગદ્યાંશ**

સૂરજ પૂર્વ દિશામાં ઊગે અને પશ્ચિમ દિશામાં આથમે છે. સૂરજ એક તારો છે. તે ધગધગતા વાયુનો ગોળો છે. સૂરજ આપણને ગરમી અને પ્રકાશ આપે છે. તેની ગરમીથી પાણીની વરાળ થાય છે. એ વરાળના વાદળાં બને છે. વાદળાં ઠંડાં થતા વરસાદ પડે છે. વરસાદથી અનાજ પાકે છે. ઘાસ ઊગે છે. વૃક્ષો ઊગે છે. સૂરજ ન હોત તો આમાંનું કંઈ જ ન થાય. સૂરજ ન હોત તો આપણું જીવન પણ ન હોત. તેથી આપણે સૂરજને સૂરજદાદા કહીએ છીએ.

**પ્રશ્ન - ૧) ઉપરનાં ગદ્યાંશ પરથી નીચેનાં પ્રશ્નોનાં જવાબ આપો :**

**(ક) પ્રશ્નોનાં જવાબ લખો.**

૧) સૂરજ કઈ દિશામાં ઊગે છે અને આથમે છે?

સૂરજ પૂર્વ દિશામાં ઊગે અને પશ્ચિમ દિશામાં આથમે છે.

૨) સૂરજ આપણને શું આપે છે?

સૂરજ આપણને ગરમી અને પ્રકાશ આપે છે.

**(ખ) ઉપરનાં ગદ્યાંશ પરથી નીચેની ખાલી જગ્યા પૂરો.**

૧) વાદળાં ઠંડાં થતાં વરસાદ પડે છે.

૨) આપણે સૂરજને સૂરજદાદા કહીએ છીએ.

**પ્રશ્ન - ૨) પાઠને આધારે ખાલી જગ્યા પૂરો.**

૧) મીરાંબાઈ ભગવાન કૃષ્ણના પરમ ભક્ત હતા.

૨) નિખિલના પિતાજી શહેરમાં પ્રાધ્યાપક હતા.

૩) નિખિલ નાહવા માટે કૂવા પર ગયો.

૪) નિખિલના કાકાજી ગામડામાં રહેતા હતા.

૫) ગોબર ગેસસંયંત્ર લગાવવાથી ~~માખ~~ મચ્છરથી છુટકારો મળી ગયો.

૬) ખેડૂતો પોતાના ખેતરોમાં વાવણી કરી રહ્યા હતા.

૭) સૂર્યની સપાટીનું તાપમાન આશરે 6000 સેલ્સિયસ હોય છે.

**પ્રશ્ન - ૩) નીચે આપેલા વાક્યોમાંથી સાચા વાક્યોની સામે (✓) અને ખોટા વાક્યોની સામે (×) ની નિશાની કરો.**

૧) નેહાને શાળામાંથી ચંદ્રગ્રહણ વિશે માહિતી પ્રસ્તુત કરવાનો પ્રકલ્પ મળ્યો હતો. ( × )

૨) નેહા હોંશિયાર વિદ્યાર્થીની છે. ( ✓ )

૩) સૂર્ય આપણા સૂર્યમંડળના મધ્યમાં આવેલો એક સ્વયં પ્રકાશિત તારો છે. ( ✓ )

૪) સૂર્યનું ગુરુત્વાકર્ષણ બળ પૃથ્વીના ગુરુત્વાકર્ષણ બળ કરતાં 25 ગણું વધારે છે. ( ✗ )

૫) નરી આંખે આપણે જો ગ્રહણ જોઈએ તો આંખના રેટીનાને નુકસાન થાય છે. ( ✓ )

૬) બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર સુખ દુઃખ સર્વે સહીએ. ( ✓ )

**પ્રશ્ન - ૪) સમાનાર્થી શબ્દો લખો.**

| | |
|---|---|
| (૧) સરિતા - નદી | (૫) દિન - દિવસ |
| (૨) સૂર્ય - ભાનુ | (૬) વાયરો - પવન |
| (૩) સુગંધ - મહેક | (૭) પંખી - પક્ષી, ખગ |
| (૪) પ્રસંગ - ઘટના | (૮) પ્રકાશ - તેજ, ઉજાસ |

**પ્રશ્ન - ૫) જોડણી સુધારો.**

| | |
|---|---|
| (૧) અંતરીક્ષ - અંતરિક્ષ | (૭) ગીરિધર - ગિરિધર |
| (૨) દેવપુજા - દેવપૂજા | (૮) તકિયા - તકીયા |
| (૩) પ્રસ્તૂત - પ્રસ્તુત | (૯) શંસાર - સંસાર |
| (૪) સુર્યમંડળ - સૂર્યમંડળ | (૧૦) પ્રતિક્ષા - પ્રતીક્ષા |
| (૫) ખેડુત - ખેડૂત | (૧૧) પાદડુ - પાંદડું |
| (૬) પ્રાધ્ધયાપક - પ્રાધ્યાપક | (૧૨) અભીવાદન - અભિવાદન |

**પ્રશ્ન - ૬) વચન બદલો.**

| | |
|---|---|
| (૧) પર્વત - પર્વતો | (૭) શિક્ષક - શિક્ષકો |
| (૨) ખુરશી - ખુરશીઓ | (૮) છોકરી - છોકરીઓ |
| (૩) ફૂલ - ફૂલો | (૯) લખોટી - લખોટીઓ |
| (૪) વિદ્યાર્થી - વિદ્યાર્થીઓ | (૧૦) મંદિર - મંદિરો |
| (૫) માણસ - માણસો | (૧૧) કબૂતર - કબૂતરો |
| (૬) ચકલી - ચકલીઓ | (૧૨) બિલાડી - બિલાડીઓ |

**પ્રશ્ન - ૭) વચન ઓળખો.**

| | |
|---|---|
| (૧) ઝાડ - એકવચન | (૭) બાળકો - બહુવચન |
| (૨) ટેબલ - એકવચન | (૮) મેદાન - એકવચન |
| (૩) પંખાઓ - બહુવચન | (૯) કાગળ - એકવચન |
| (૪) પુસ્તકો - બહુવચન | (૧૦) બારીઓ - બહુવચન |
| (૫) પેન્સિલ - એકવચન | (૧૧) ટી.વી. - એકવચન |
| (૬) વાદળ - એકવચન | (૧૨) સૂર્ય - એકવચન |